Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

વિષય : યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં અનુસ્નાતક શિક્ષકની યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત, કાર્યરત અધ્યાપકો / નિવૃત્ત અધ્યાપકોનો અઠવાડીક મહત્તમ કાર્યભાર નિયત કરવા અંગે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા વિવિધ વિષયોના યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રી / પ્રોફેસર ઈન ચાર્જશ્રી દ્વારા અનુસ્નાતક ભાગ – ૧ અને ૨ ના અનુસ્નાતક કાર્યભાર માટે યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અનુસ્નાતક શિક્ષકો (કાર્યરત / નિવૃત્ત અધ્યાપકો ) ની દરખાસ્ત કરવામાં આવે છે. અનુસ્નાતક અભ્યાસના મહત્તમ કાર્યભારની ફાળવણી સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની તા.૧૦–૯–૨૦૨૦ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૩૩) અન્વયે નીચે મુજબ ઠરાવેલ હોય જે મુજબનો અમલ ઠરાવ્યા તારીખના શૈક્ષણિક વર્ષથી કરવાની આથી જાણ કરવામાં આવે છે.

: : આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી અનુસ્નાતક અભ્યાસની માન્યતા પ્રાપ્તલ હાલમાં કાર્યરત અધ્યાપકોને તેમના સ્નાતક અભ્યાસના કાર્યભાર ઉપરાંત અનુસ્નાતક અભ્યાસનો અઠવાડીક મહત્તમ (૧૬ + ૮ ) પીરીયડનો તેમજ નિવૃત્ત અધ્યાપકને (૧૬) પીરીયડનો વર્કલોડ ફાળવવો. : :

જે તે શૈક્ષણિક વર્ષના અનુસ્નાતક કાર્યભારની ફાળવણીની દરખાસ્ત નિયત પત્રકમાં શૈક્ષણિક વર્ષ શરૂ થયેથી દિન (૧૦) માં ડીનશ્રીની ભલામણ સાથે યુનિવર્સિટીમાં અચૂક જ જમા કરાવી મંજુરી મેળવવાની કાર્યવાહી કરવાની જાણ કરવામાં આવે છે.

નોંધ :

૧: અનુસ્નાતક કાર્યભાર સંબધીત ઉપરોકત ઠરાવનો અચૂક જ અમલ કરવા સાથે કાર્યભાર સંબધિત અન્ય માર્ગદર્શિકા યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૯–૧–૨૦૧૦ના પરિપત્ર ક્રમાંક : પીજી / વીટી / ૯૪૩ / ૨૦૧૦ અને તા. ૨૪–૪–૨૦૧૭ પત્ર ક્રમાંક : પીજી /અનુ. કાર્યભાર / ૭૦૦૦/૨૦૧૭ મુજબ જ કરવાની રહેશે.

૨: યુનિવર્સિટી અનુસ્નાતક શિક્ષકની માન્યતા પ્રાપ્ત નિવૃત્ત અધ્યાપકને ૭૦ વર્ષ સુધી જ શૈક્ષણિક કાર્યભારની ફાળવણી એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૯–૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક (૮) અન્વયે કરવાની રહેશે.

ક્રમાંક : પીજી / અનુ. કાર્યભાર / ૮૦૨૧ / ૨૦૨૦
તા. ૧૭– ૯ – ૨૦૨૦

ઈ. ચા. કુલસચિવ

પ્રતિ,
(૧) વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રી,

(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા વિવિધ વિષયોના યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રી / પ્રોફેસર ઈન ચાર્જશ્રી

નકલ સવિનય રવાના :
ઈ. ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.... જાણ તથા અમલ કરવા સારૂ.

Scanned by CamScanner

VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
(Accredited with B++ Grade by NAAC)
Tele.GRAM : VNSGU Phone : 2227141 to 2227146 Fax No : (0261) 2227312
Email : sgu@sgu.ernet.in website :- www.sgu.ernet.in

# પરિપત્ર

યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિભાગોમાં ચાલતા સ્વનિર્ભર / સ્વનિર્ભર સિવાયનાં અનુસ્નાતક અભ્યાસક્રમો તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજો / ઈન્સ્ટીટયૂટમાં ચાલતા સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમોમાં બોલાવાતા મુલાકાતી પ્રાધ્યાપકોને માટે સિન્ડિકેટે તા.૨૩–૧૨–૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક : ૧૯ અન્વયે નીચે મુજબ મંજૂર કરેલ છે.

(૧) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાંથી કે અન્ય કોલેજ /સંસ્થા / ઈન્સ્ટીટયૂટમાંથી આવતા મુલાકાતી પ્રાધ્યાપકોને તાસ દીઠ રૂા. ૩૦૦/– (Consolidated) (મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું મળવાપાત્ર નથી) ચૂકવવાના રાખવા.

(૨) અનુદાન પ્રાપ્ત અનુસ્નાતક અભ્યાસક્રમમાં શિક્ષણ કાર્ય કરતાં મુલાકાતી પ્રાધ્યાપકોને એમની માતૃસંસ્થામાં કાર્યભાર પૂર્ણ થયા બાદ વધારાનાં તાસ દીઠ રૂા. ૩૦૦/– (Consolidated) (મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું મળવાપાત્ર નથી) ચૂકવવાના રાખવા.

(૩) સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમમાં શિક્ષણ કાર્ય માટે બોલાવાતા મુલાકાતી પ્રાધ્યાપકોને એમની માતૃસંસ્થાના કાર્ય સમય સિવાય લીધેલ તાસ દીઠ રૂા. ૩૦૦/– (Consolidated) (મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું મળવાપાત્ર નથી) ચૂકવવાના રાખવા.

(૪) મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શૈક્ષણિક કાર્ય કરવા જવા જે તે ડિપાર્ટમેન્ટનાં વડાશ્રી / કોલેજના આચાર્યશ્રી /સંસ્થાના વડાશ્રી / ઈન્સ્ટીટયૂટનાં નિયામકશ્રીની પૂર્વમંજૂરી લેવાની રહેશે.

(૫) ૧ પેપરના સેમેસ્ટર દીઠ વધુમાં વધુ ૪૦ તાસ (પીરીયડ) લેવા તથા વાર્ષિક દીઠ વધુમાં વધુ ૬૦ તાસ (પીરીયડ) લેવા. મહત્તમ મર્યાદા કરતાં વધુ તાસ લેવા માટે મા.કુલપતિશ્રીની પૂર્વમંજૂરી લેવાની રહેશે.

(૬) વિશિષ્ટ વ્યાખ્યાન માટે ખાસ આમંત્રિત કરાયેલા મહેમાન વકતાને વ્યાખ્યાન દીઠ રૂા. ૫૦૦ /– માનદ પુરસ્કાર તથા T.A. ચૂકવવાનું રાખવું.

(૭) નકકી કરેલ કાર્યભાર પૂર્ણ કર્યેથી વધારાનાં પ્રાયોગિક (પ્રેકટીકલ) કાર્ય કરનાર મુલાકાતી શિક્ષકોને પ્રત્યેક પ્રાયોગિક કાર્યદીઠ રૂા. ૧૫૦/– (કલાક દીઠ અને મહત્તમ મર્યાદા રૂા.૪૫૦ /– પ્રતિ પ્રાયોગિક કાર્યદીઠ) ચૂકવવાનું રાખવું.

(૮) પ્રેકટીકલની ૧ પેપરના સેમેસ્ટર દીઠ વધુમાં વધુ ૧૦ તથા વાર્ષિક વધુમાં વધુ ૨૦ ની મર્યાદામાં ચૂકવણી કરવાની રહેશે.

ક્રમાંક : પીજી / વીટી / ૯૪૩ / ૨૦૧૦
તા : ૨૯–૦૧–૨૦૧૦

કુલસચિવ

**નકલ સવિનય રવાના :** ....... *જાણ તેમજ ઘટતી કાર્યવાહી માટે...*

(૧) યુનિવર્સિટીનાં તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ
(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન કરતી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ
(૩) સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાનાં આચાર્યશ્રીઓ / નિયામકશ્રીઓ
(૪) મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

Scanned by CamScanner

Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક :પીજી/ અનુ. કાર્યભાર/૭૦૦૦/૨૦૧૭

તા :૨૪/૪/૨૦૧૭

પ્રતિ
યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રી / પ્રોફેસર ઈન ચાર્જશ્રી,

મહાશય / મહોદયા,

સવિનય જણાવવાનું કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં શૈક્ષણિક કાર્યભાર કોન્ટ્રાન્કટ આધારીત અધ્યાપકશ્રીને પણ આપવામાં આવે છે, તેવું યુનિવર્સિટીના ધ્યાને આવેલ છે.

યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોમાં શૈક્ષણિક કાર્યભાર, નિયમિત ધોરણે(પગાર ધોરણમાં) અધ્યાપકની યુનિવર્સિટી મંજુરી મેળવેલ હોય અને યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા હોય તેઓને જ સોંપવા, યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રી અને પ્રોફેસર ઈન ચાર્જશ્રીને આથી જણાવવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે, યુનિવર્સિટી ધ્વારા કોન્ટ્રાકટ આધારીત અધ્યાપકને અનુસ્નાતક શિક્ષકની માન્યતા આપેલ હોય જે અન્ય આદેશ ન થાય ત્યાં સુધીના સમય માટે સ્થગિત ગણવી.

આભાર સહ,

ભવદીય,

ઈ.ચા.કુલસચિવ

નકલ સવિનય રવાના :

યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રી..... જાણ તથા અનુસ્નાતક કાર્યભરની કોલેજની દરખાસ્ત સમયે આપના ધ્વારા ભલામણ સમયે ધ્યાનમાં લઈ તેનો અમલ થવા સારુ.

Scanned by CamScanner

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક :પીજી/ કાર્યભાર/૧૩૩૭૦/૨૦૧૬
તા :૨૮/૦૭/૨૦૧૬

પ્રતિ,
અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન કરતી સંલગ્ન કોલેજોનાં પ્રો.ઈન્ચાર્જ / આચાર્યશ્રીઓ.

**વિષય** : શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭માં અનુસ્નાતક અભ્યાસક્રમમાં ૭૦ વર્ષથી વધુ વયમર્યાદા ધરાવતાં અધ્યાપકોનાં શૈક્ષણિક કાર્ય બાબત.

શ્રીમાન,

સવિનય જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતાં યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રી / પ્રોફેસર ઈન્ચાર્જની દરખાસ્ત અને ડીનશ્રીની ભલામણ સાથે મળેલ અનુસ્નાતક વિષયની માન્યતા પ્રાપ્ત અધ્યાપકોના અનુસ્નાતક શૈક્ષણિક કાર્યભારની દરખાસ્તને યુનિવર્સિટી દ્વારા મંજુરી આપેલ છે. યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૧૬–૧૭ની આપેલ મંજુરી પૈકી જે અધ્યાપકો વય મર્યાદાને કારણે નિવૃત્ત હોય અને તે અધ્યાપકની વય ૭૦ વર્ષથી વધુ હોય તેમની શૈક્ષણિક કાર્યભારની મંજુરી એકેડેમિક કાઉન્સિલની તા.૧૩–૯–૨૦૧૧ના ઠરાવ ક્રમાંક : ૮ની જોગવાઈ અન્વયે રદ કરવામાં આવે છે. જેથી ૭૦ વર્ષથી વધુ વય ધરાવતા નિવૃત અધ્યાપકને શૈક્ષણિક કાર્યભાર ન આપવા આથી આદેશાનુસાર જણાવવામાં આવે છે.

ભવદીય,

ઈ.ચા.કુલસચિવ

❖ <u>નકલ સવિનય રવાના :</u>
ઈ.ચા. મુખ્ય હિસાબી અધિકારી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત...જાણ સારું..

Scanned by CamScanner